# આજે રાજયમાં 'નીટ'ની પરીક્ષા

## દેશભરમાંથી ૧૨ લાખ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપશે નક્કી ડ્રેસ કોડ પહેર્યા વગર પરીક્ષા નહી આપી શકાય

અમદાવાદ,તા.૬ મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે ફરજિયાત પાસ કરવી જરૂરી એવી નેશનલ એલિજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ(એનઈઈટી-નીટ)ની પરીક્ષા આવતીકાલે ગુજરાત સહિત દેશભરમાં યોજાશે. મે-૨૦૧૬માં સુપ્રીમકોર્ટે મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષા ફરજિયાત બનાવતો ચુકાદો આપ્યા બાદ આવતીકાલે દેશભરમાં ૧૦૪ શહેરોમાં સૌપ્રથમવાર નીટની પરીક્ષા યોજાવા જઈ રહી છે, જેને લઈ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્તેજના અને સહેજ ગભરાહટ પણ પ્રવર્તી રહી છે. ગુજરાતના હજારો સહિત દેશભરમાં ૧૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપશે. ગુજરાતી વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા ગુજરાતી ભાષામાં આપી શકશે. અંગ્રેજી ઉપરાંત નીટની પરીક્ષા હિન્દી, આસામી, બાંગ્લા, મરાઠી, કન્નડ, તમિલ અને તેલુગુ ભાષામાં પણ ઉમેદવારો આપી શકશે. તા.૮મી જૂને નીટનું પરિણામ જાહેર કરાય તેવી શકયતા છે.

મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે ફરજિયાત અને બહુ મહત્વની સીબીએસઈ(સેન્ટ્રલ બોર્ડ) દ્વારા લેવાનારી છે. નીટની પરીક્ષાને લઈ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ માટે કેટલાક ચોક્કસ નિયમો અને શરતો પણ લાદવામાં આવ્યા છે કે જેથી કોઈપણ પ્રકારની ગેરરીતિઓ કે અનિચ્છનીય બનાવો ટાળી શકાય. આવતીકાલે લેવાનારી નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓ માટે ખાસ ડ્રેસ કોડની તાકીદ પણ બોર્ડ દ્વારા કરાઇ છે. વિદ્યાર્થીઓ બુટ પહેરીને પરીક્ષા આપી શકશે નહી. વિદ્યાર્થીઓએ પેન્ટ અને હાફ સ્લિવનું શર્ટ અને સ્લીપર અથવા તો સેન્ડલ પહેરીને જ પરીક્ષા આપવી પડશે. જયારે વિદ્યાર્થીનીઓએ હેર પીન, મોટા બટન તથા હાઈ હીલના શુઝ પહેરી શકશે નહી. નીટની પરીક્ષા આપવા માટે નીટ એડમીટ કાર્ડ ફરજિયાત સાથે રાખવાનું રહેશે.

એડમીટ કાર્ડની પૂરતી ચકાસણી બાદ જ વિદ્યાર્થીને પરીક્ષા ખંડમાં પ્રવેશ અપાશે. એડમીટ કાર્ડ ઇશ્યુ કરાયા તેમાં ઘણા કિસ્સામાં ફોટા બરોબર આવ્યા નથી તે સહિતની વિવિધ ફરિયાદો ઉઠવા પામી છે, જેને લઈ બોર્ડ સત્તાવાળાઓએ એડમીટ કાર્ડની સાથે આધાર કાર્ડ પણ પોતાની સાથે રાખવા વિદ્યાર્થીઓને તાકીદ કરી છે. જો વિદ્યાર્થીઓ નક્કી કરાયેલા ડ્રેસ કોડ સિવાયના કપડા પહેરીને પરીક્ષા આપવા આવશે તો, તેઓને પરીક્ષા આપવા દેવામાં આવશે નહી. નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓ પાણીની બોટલ, કોલ્ડીંક્સ, નાસ્તો, પેન, રાઈટીંગ પેડ, ઈરેસર, કેલ્ક્યુલેટર, પેન્સિલ બોક્ષ જેવી ચીજવસ્તુઓ પણ લઈ જઈ શકશે નહી. બીજીબાજુ, સેન્ટ્રલ બોર્ડ અને સત્તાવાળાઓ દ્વારા આવતીકાલની નીટની પરીક્ષાને લઈ વિશેષ વ્યવસ્થા અને આયોજનો કરવામાં આવ્યા છે.


જેમાં પરીક્ષાના અઢી કલાક પહેલાં જ પરીક્ષા કેન્દ્રો ખોલવામાં આવશે. કોઈપણ ઉમેદવારને૯-૩૦ પછી પરીક્ષા કેન્દ્ર પર પ્રવેશ આપવામાં આવશે નહી. સવારે ૧૦-૦૦ થી બપોરે ૧-૦૦ દરમ્યાન યોજાનારી નીટની પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ અને અનિચ્છનીય બનાવ ના બને તે હેતુથી સમગ્ર પરીક્ષાની વીડિયોગ્રાફી, મેટલ ડિટેક્ટરથી વિદ્યાર્થીઓના ચેકીંગ અને લોખંડી પોલીસ સુરક્ષા સહિતના અસરકારક પગલા લેવાયા છે.

સુપ્રીમકોર્ટના ચુકાદા બાદ ગુજરાત સહિત દેશભરમાં સૌપ્રથમવાર નીટની પરીક્ષા યોજાવા જઈ રહી છે, જેને લઈ વિદ્યાર્થીઓમાં ભારે ઉત્તેજના અને જિજ્ઞાસા વચ્ચે સહેજ ગભરામણની લાગણી પણ જોવા મળી રહી છે. જો કે, કેટલાક ઉમેદવારો ભારે ઉત્સાહ સાથે નીટની પરીક્ષા આપવા ઉત્સુક હોવાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

## આ પણ વાંચીએ...

### પુરૂષનુ મગજ મોટુ પરંતુ સ્ત્રીઓનું વધુ તેજ

વૈજ્ઞાનિક રીતે એ સાચુ છે કે પુરૂષોની તુલનામાં મહિલાઓનુ મગજ નાનુ હોય છે. પરંતુ મહિલાઓનું મગજ નાનુહોવા છતાં પુરૂષોના જેવુ જ અથવા તો તેનાથી સારૂ પરિણામ પ્રાપ્ત કરી લે છે. પુરૂષોની તુલનાએ મહિલાઓનું મગજ ૧૪ ટકા નાનુ હોય છે. મગજ નાનુ હોવા છતાં રીઝનીંગ અને ન્યુરોનની વચ્ચે સારૂ જોડાણ રહેતા તેઓની નિર્ણયશક્તિ સારી હોય છે.



### દિલ્હીની આ હોસ્પિટલમાં રોબોટ કરશે ઓપરેશન



દિલ્હી-ના સફદરજંગ હોસ્પિટલમાં કેટલાક ઓપરેશનો હવે રોબોટ કરશે. સર્જરી કરવા માટે રૂ. ૧૮ કરોડના ખર્ચે રોબોટની ખરીદી કરવામાં આવી રહી છે. હોસ્પિટલનુ કહેવુ છે કે રોબોટ સર્જરીની સુવિધા ગરીબ દર્દીઓને નિઃશુલ્ક આપવામાં આવશે.

# કડી તાલુકાના બુડાસણ ગામે પંડિત દીનદયાલ સેવા ભવનનું ભૂમિ પૂજન કરાયું

મહેસાણા, તા. ૬ મહેસાણ જિલ્લાન કડી તાલુકાના બુડાસણ ગામે રાજયના



નાયબ મુખ્યમંત્રીના હસ્તે પંડિત દીનદયાલ સેવા ભવનનું ભૂમિપૂજન કરાયું હતું. કડી વિશ્વ હિન્દુપરિષદ પ્રેરિત પંડિત દિનદયાળ ઉપાધ્યાય રાષ્ટ્રોસ્થાન સમિતિ દ્વારા છેલ્લા વર્ષોથી દિનદયાળ કુમાર છાત્રાલય કાર્યરત છે. સામાજિક સમરતાના ઉમદા વિચારને મૂર્તિમંત કરવા માટે પંડિત દીનયાલ ઉપાધ્યાયજીના જન્મ શતાબ્દી વર્ષે સેવા ભવન નિર્માણનું ભૂમિપૂજન નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કડી તાલુકાન બુડાસણ ગામે કરાયું હતું.

રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યુંહતુંકે કડી તાલુકાની પ્રજા રાષ્ટ્રભક્તિથી જોડાયેલ છે જે આનું તાદશ્ય ઉદાહરણ છે. સેવા સંસ્થાના કાર્યકરોની દિર્ઘદષ્ટીને બીરદાવવા દાતાઓ ખુબ મોટી સંખ્યામાં આગળ આવ્યા છે જે સરાહનીય છે. રાષ્ટ્રના નિર્માણ માટે નવી પેઢીને સંસ્કારો આપવાનું કાર્ય આ પ્રકારની સંસ્થાઓ દ્વારા થાય છે. આ પ્રકારની સંસ્થાઓ જેવું કાર્ય જુજ જગ્યાએ થઈ રહ્યુંછે જેપૈકી કડી તાલુકો લોકો માટે પ્રેરણારૂપ બન્યો છે. નાયબ મુખ્યમંત્રીએ આશા વ્યક્ત કરી હતી કે આવતા શૈક્ષણિક સત્રથી નવા ભવનમાં શિક્ષણ કાર્યનો પ્રારંભ થશે. નાયબ મુખ્યમંત્રીના હસ્તે દાતાઓ તેમજ સંસ્થાના સંયોજકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રાના અગ્રણી દાતા થકી જુના મકાનમાં ચાલતી આ સંસ્થામાંથી ૨૭૫ વિધાર્થીઓએ ઉજ્જવળ કારકિર્દી પ્રાપ્ત કરી છે. જેમાંથી ૨ એમ.બી.બી.એસ. બે તજજ્ઞો ડોકટરો, ૮ એન્જીનીયરો, ૪ ડિપ્લોમા હોલ્ડરો, ૧ ચાર્ટડ એકાઉન્ટ, ૧ આઈ.આઈ.ટી એન્જીનીયર, ૧ આયુષ ડોક્ટર,૩૬ શિક્ષણ સંસ્થા સાથે સહિત વિવિધ ક્ષેત્રમાં ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરી છે.

# શહેરી વિસ્તારોમાં ૩૦ નવા અર્બન હેલ્થ સેન્ટર શરૂ થશે

અમદાવાદ, તા.૬ આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે, રાજયના નાગરિકોને ઘર આંગણે આરોગ્ય સવલતો મળી રહે તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. શહેરી-ગ્રામ્ય સ્તરે આરોગ્ય સેવાનો વ્યાપ વધારવા આગામી સમયમાં શહેરી વિસ્તારોમાં ૩૦ નવા અર્બન હેલ્થ સેન્ટરો કાર્યાન્વિત કરવામાં આવશે. આજે ગાંધીનગર ખાતે શહેરી વિસ્તારોમાં રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમની અમલવારી અને તેને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે મળેલ બેઠકને સંબોધતા મંત્રી ચૌધરીએ કહ્યું કે, શહેરી વિસ્તારોમાં આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ સહિત રસીકરણ અને આરોગ્ય સવલતોનું ગઠન કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે જેના પરિણામે આ મહત્વનો નિર્ણય કરાયો છે. તેમણે ઉમેર્યુ કે, મલેરિયાના નિયત્રણ માટે સર્વેલન્સની કામગીરીને વધુ સુદ્રઢ બનાવાશે. ઉનાળાની સિઝનમાં રાજય સરકારે ડ્રાય ડે જાહેર કરીને અભિયાન હાથ ધરવાનું નક્કી કરી ડોર ટુ ડોર કામગીરી કરીને મચ્છરના લારવાને નાબુદ કરશે જેથી ચોમાસામાં મચ્છરની ઉત્પતિ અટકાવી શકાય. આ અભિયાન દરમિયાન કોર્પોરેશન અને નગરપાલિકાઓ દ્વારા ઘર, અવાવરૂ જગ્યાઓ કે જ્યાં પાણી ભરાય રહેતા હોય તથા મચ્છરના બ્રિડિંગ હોય તેનો નાશ કરાશે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ઉનાળાની સીઝનમાં પાણીજન્ય રોગોના નિયંત્રણ માટે પણ રાજય સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સાથે સાથે તાપમાન વધી રહ્યું છે તે માટે પણ આરોગ્ય વિભાગ દ્વારા તકેદારી રાખવા માટે હેલ્થ બુલેટિન પણ બહાર પાડવામાં આવે છે જેમાં લુ લાગવા સામે શું કરવું અને શું ન કરવું તેમજ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પણ ખાદ્ય ચીજોની ચકાસણી માટે તકેદારીના ખુટતા પગલા લઈ અભિયાન પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સ ચિવ પુનમચંદ પરમારે મનપા-નગરપાલિકાઓમાં થઈ રહેલ આરોગ્ય કામગીરીની સમીક્ષા કરીને સર્વેલન્સ કામગીરી સહિત જનજાગૃતિ માટે વધુ સઘન પ્રયાસો કરવા કોર્પોરેશન, નગરપાલિકાઓના ચીફ ઓફિસરોને જરૂરી સુચનાઓ આપી હતી. તેમજ શહેર-નગર કક્ષાએ ઉપસ્થિત પ્રશ્નોનો પણ સત્વરે નિકાલ કરાશે એમ પણ તેમણે ઉમેર્યું હતું. અગ્ર સચિવ અને આરોગ્ય કમિશનર જેપી ગુપ્તાએ રાજયમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા અપીલ કરતા કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ૨૦૩૦માં મેલેરિયા મુક્ત ભારતની જાહેરાત કરી છે તે સંદર્ભે પણ ગુજરાતે નક્કર આયોજન કર્યું છે.

# ત્રણ વર્ષમાં ખેડૂતોની આવક બમણી કરવા રૂપાણીનો નિર્ધાર

અમદાવાદ, તા.૬ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે ૧૩મા રાજયવ્યાપી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવતા જણાવ્યુ હતું કે, રાજયના ખેડુતોની આગવી કોઠાસુઝ, ખેતીમાં નીત નવા પ્રયોગોને પરિણામે ગુજરાતે ૧૧ ટકા જેટલો કૃષિ વિકાસ દર જાળવી રાખ્યો છે. આ અવસરે મુખ્યમંત્રીએ ખેડા જિલ્લામાં ૧૭૮ કરોડના ખર્ચે શેઢી સિંચાઈ યોજનાની કેનાલોની મરામત કામગીરી હાથ ધરવાની જાહેરાત કરી હતી. શેઢી કેનાલમાં હાલમાં ૬૦૦ ક્યુસેક પાણીની વહન ક્ષમતા છે. જે મરામત બાદ ૧૮૦૦ ક્યુસેક એટલે કે ત્રણ ગણી થશે. જેનો લાભ ખેડા જિલ્લાના ખેડુતોને મળશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, રાજયના ખેડુતોએ સુક્ષ્મ પિયત સિંચાઈ પદ્ધતિઓ અપનાવી સિંચાઈના પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરી પર ડ્રોપ મોર ક્રોપના સુત્રને સાચા અર્થમાં સાર્થક કરી ઓછા ખર્ચ વધુ પાક ઉત્પાદન મેળવી આર્થિક સમૃદ્ધિ મેળવી છે. મુખ્યમંત્રીએ ખેડા આણંદ જિલ્લાના બે પ્રગતિશિલ ખેડુતોને ૭૫ હજારના સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા ૦૫ ખેડુતોને જિલ્લા કક્ષાના આત્મા એવોર્ડ, પશુપાલન વિભાગ દ્વારા યોજાયેલ દુધ હરિફાઈના વિજેતાઓને ચેક વિતરણ કરવા સાથે ૧૨ લાભાર્થીઓને ૧૨ લાખના ખાતેદાર ખેડુત અકસ્માત વીમા યોજનાના ચેકનું વિતરણ કર્યું હતું.

## ગેસ લીક

● અનુસંધાન પહેલાનું ચાલુ

મદદ માટે પહોંચી છે. બીજી બાજુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલી માસૂમ વિદ્યાર્થીનીઓ પૈકીને મળવા માટે એક હોસ્પિટલમાં પહોંચ્યા હતા. પરિસ્થિતિ સંપૂર્ણ કાબૂ હેઠળ હોવાનો દાવો દિલ્હીના મુખ્યમંત્રીએ કર્યો છે. કેજરીવાલે કહ્યું છે કે, તબીબોએ કહ્યું છે કે, ચિંતા કરવાની જરૂર નથી. આ મામલામાં તપાસ કરવા ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટને કહેવામાં આવ્યું છે. પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી ચુકી છે. અહેવાલ મુજબ વિદ્યાર્થીનીઓ ઉપરાંત નવ શિક્ષકોને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. લેફ્ટી ગવર્નર અનિલ બેજલ અને દિલ્હી વિધાનસબામાં વિપક્ષના નેતા વિજેન્દ્ર ગુપ્તા પણ ભોગ બનેલી વિદ્યાર્થીનીઓને મળવા માટે પીએસઆઈ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. દિલ્હી સરકારની તેઓએ ઝાટકણી પણ કાઢી હતી. ગુપ્તા દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરાઈ છે. બત્રા હોસ્પિટલમાં એક તબીબે કહ્યું છે કે, તેમના ત્યાં દાખલ ૫૫ બાળકો પૈકી દરેકની વય ૧૦થી ૧૪ વર્ષની છે. કન્ટેનરમાં રહેલો કેમિકલ ચીનમાંથી આયાત કરવામાં આવ્યો હતો. આ કેમિકલના જથ્થાને હરિયાણામાં સોનીપત ખાતે લઈ જવામાં આવનાર હતો. બનાવ બાદ પોલીસ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સફોર્સની ટીમ તરત ઘટના સ્થળે પહોંચી હતી.

## કાશ્મીર સમસ્યાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું હતુ કે, તેમની પાસે લોકોનો જનમત છે. આ સૌથી મોટી તેમની તાકાત છે. તેઓ લાહોર ગયા હતા અને પાકિસ્તાનના વડાપ્રધાનને પણ મળીને આવ્યા હતા. આ કોઈ નબળાઈના સંકેત નથી પરંતુ શક્તિ અને તાકાત દર્શાવે છે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની મહેબુબા મુફતીએ ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, મનમોહનસિંહ પાકિસ્તાન જવાની હિંમત કરી શક્યા ન હતા. મોદી પહેલા પણ એક વડાપ્રધાને પાકિસ્તાન જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, બંને દેશો સાથેના સંબંધોને બનાવવામાં પણ મહત્વની ભૂમિકા મોદી અદા કરી શકે છે. જમ્મુ કાશ્મીરની સ્થિતિને સુધારવામાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ પણ ભૂમિકા અદા કરી હતી. જમ્મુ કાશ્મીરમાં ૨૦૦૨માં શાંતિના નવા પ્રકરણની શરૂઆત થઈ હતી. પૂર્વ મુખ્યમંત્રી મુફતી સૈયદ અને વાજપેયીએ આની શરૂઆત કરી હતી. મુશ્કેલ સ્થિતિમાંથી કાશ્મીરને બહાર કાઢવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. આમા મોટાપાયે સફળતા પણ મળી હતી.

## પથ્થરમારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીઓએ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કર્યો હતો જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા બળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૧૫મી એપ્રિલના દિવસે પુલવામાની સરકારી ડિગ્રી કોલેજ ઉપર પોલીસે દરોડા પાડ્યા હતા. આને લઈને ૧૭મી એપ્રિલના દિવસે સમગ્ર કાશ્મીરમાં વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કર્યા હતા. ત્યારબાદથી લઈને હજુ સુધી વારંવાર વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો છે. જેના કારણે અધિકારીઓએ સાવચેતીના પગલારુપે એક સપ્તાહથી વધુ સમય માટે શિક્ષણ સંસ્થાઓમાં કામગીરીને અટકાવી દીધી છે. વિદ્યાર્થીઓ પોલીસના અત્યાચારને લઈને આંદોલન કરી રહ્યા છે. વિદ્યાર્થીઓને માર મારનાર પોલીસ જવાનો સામે કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. શ્રીનગર અને ખીણમાં અન્યત્ર દેખાવ કરવા બદલ અનેક વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે.

## મોરચાના પોસ્ટરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેક્યુલર મોરચા નામે નવી પાર્ટીની રચના કરી લીધીહતી જેના વડા તરીકે મુલાયમસિંહ યાદવને રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. શિવપાલસિંહ યાદવે કહ્યું હતું કે, અમે સમાજવાદી સેક્યુલર મોરચા નામથી નવી પાર્ટી બનાવી રહ્યા છીએ. આ પાર્ટીનું નેતૃત્વ મુલાયમસિંહ યાદવ કરશે. નેતાજીને સન્માન પરત અપાવવા માટે અને સમાજવાદીઓની સાથે એકતા સ્થાપિત કરવાના હેતુસર આ પાર્ટીની રચના કરવામાં આવી છે. ટૂંક સમયમાં જ નવા મોરચાની પણ જાહેરાત કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, શિવપાલસિંહ યાદવ અને અખિલેશ વચ્ચે છેલ્લા ઘણા સમયથી વ્યાપક ખેંચતાણ ચાલી રહી હતી. બંનેની લડાઈના કારણે સમાજવાદી પાર્ટીમાં વિભાજનની ચર્ચા પણ ચાલી રહી હતી. આખરે સમાજવાદી પાર્ટીમાં ભંગાણ પડી ગયું છે. સમાજવાદી પાર્ટી બે ભાગમાં વિભાજિત થઈ ગઈ છે.

## પૈસા અપાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બારામુલ્લા, સોપિયા, કુપવારા, અનંતનાગ, પુલવામા જેવા જિલ્લાઓમાં હિંસા ભડકાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, રાવલપિંડીમાં સેના હેડક્વાર્ટર સ્થિત આઈએસઆઈ ઓફિસથી અહેંમદ સાગર નામના શખ્સને ૭૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. સાગરના શબ્બીર શાહ સાથે ખુબ જ નજીકના સંબંધો છે. સાગરે આ પૈસા શબ્બીરને આપ્યા હતા. એવું પણ જાણવા મળ્યું છે કે, અલગતાવાદી નેતા શબ્બીર શાહ આ પૈસાનો ઉપયોગ ખીણમાં હિંસા ભડકાવવા માટે કરી રહ્યા છે. ખીણમાં હિંસાની ઘટના કોઈ સ્વતંત્રતાની લડાઈ નથી બલ્કે પાકિસ્તાનના પૈસાથી પ્રાયોજિત થનાર કાર્યક્રમ તરીકે છે. રિપોર્ટ મુજબ શબ્બીરને પૈસા આપનાર સાગરના પાક હાઈકમિશનર અબ્દુલ બાસિત સાથે પણ સીધા સંબંધો રહેલા છે. તાજેતરમાં જ પકડી પાડવામાં આવેલા આઈએસઆઈના બે એજન્ટ પણ આ અંગેની કબૂલાત કરી ચુક્યા છે. આ શખ્સો કબૂલાત કરી ચુક્યા છે કે, ભારતમાં પાકિસ્તાનના હાઈકમિશનર અબ્દુલ બાસિતથી પણ નિયમિત પૈસા મળી રહ્યા છે. કેન્દ્ર સરકાર આ રિપોર્ટ સપાટી ઉપર આવ્યા બાદ એક્શનમાં આવી ગઈ છે.

## મુનલાઈટ કાર્યક્રમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકાશનું સૌદર્ય નિહાળવાનું ભુલી ગયા છે. ચંદ્રમાની રાતમાં આકાશને નિહાળી તેની સુંદરતાની અનુભૂતિ કરવાનો પણ એક જીવનમાં લહાવો હોય છે. પૂનમની રાતના આકાશની સુંદરતા ચંદ્રમાના પ્રકાશમાં વધુ નીખરતી હોય છે. પૂનમની રાત્રિના એક દિવસ આગળ અને એક દિવસ પાછળ ચંદ્રમાનો પ્રકાશ ખૂબ જ હોય છે. આ દરમ્યાન અનેક ખગોળીય નજારા સરળતાથી જોઈ શકાય છે. એટલે જ વીજળીનો બચાવ, પ્રદૂષણ ઘટાડવા અને કુદરતના અનેરા સૌંદર્યને નગરના નાના ભુલકાઓથી માંડી વડીલો નિહાળી શકે એ માટે ગાંધીનગર ખાતે તા. ૯ થી ૧૧ મે, ૨૦૧૭ના રોજ મુનલાઈટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મુનલાઈટ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર શહેરના વાસીઓ પોતાના ઘરના ધાબા પરથી પણ અનુભૂતિ કરી શકે તે માટે આ ત્રણ દિવસ દરમ્યાન ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો સિવાયની તમામ સ્ટ્રીટ લાઈટ રાતના ૯ થી ૧૨ કલાક દરમ્યાન બંધ રાખવામાં આવશે. નગરના તમામ સેકટરોના આંતરિક માર્ગો ચંદ્રમાના પ્રકાશથી ધ્યાનકર્ષિત બની જશે. તેમજ સેન્ટ્રલ વિસ્ટા ખાતે ચંદ્રમાના પ્રકાશ દરમ્યાન આકાશની વિવિધ ખગોળીય ઘટના નિહાળવા માટે નગરજનો માટે ટેલિસ્કોપની પણ ગોઠવણી કરવામાં આવી છે.

## પાર્કીંગ પ્લેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. જેમાં પાર્કીંગ તેમજ બગીચાનુ પણ આયોજન કરવામાં આવશે. ત્યારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના આવાસોને અનુલક્ષીને પણ લાંબા સમયના અંતે પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સેકટર મુજબ સરકારી રહેણાંક વિસ્તારમાં પાર્કીંગની સુવિધાને યોગ્ય કરવા માટે કામગીરી હાથ ધરાશે. જેમાં સે-૨૨ અને ૨૩ માં પાર્કીંગનુ કામ હાથ ધરવા માટે ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે. જેના પરિણામે સરકારી રહેણાંકમાં પણ વસાહતીઓને પાર્કગની યોગ્ય સુવિધા મળશે.

## માર્ગોની સુધારણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના મુખ્ય માર્ગોના રીસરફેસીંગનુ સમયાંતરે કામ હાથ ધરવામાં આવે છે. જો કે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ મુખ્ય માર્ગોની દશા સુધારવા માટે તેમજ બ્યુટિફિકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ સામાન્ય રીતે ચાર થી પાંચ વર્ષના સમયે હાથ ધરવામાં આવતુ હોય છે. નવા સેકટરોમાં આંતરિક માર્ગો બિસ્માર બન્યા છે. સેકટરવાસીઓ ઉબડ ખાબડ રોડ નેટવર્કથી ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી સેકટરવાસીઓમાં માર્ગ સુધારણાની પ્રબળ માંગ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા માર્ગ નવિનીકરણ માટે વિભાગને લાંબા સમયથી દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સેકટરોના આંતરિક માર્ગ માટે રૂ ૨૩ કરોડના ખર્ચનો અંદાજ દર્શાવાયો હતો. પરંતુ ઘણાં સમયથી દરખાસ્તને મંજુરી ન અપાતા સ્થાનિક રહીશોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી ઝડપભેર હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી હતી.બીજીતરફ સેકટરોમાં આંતરિક માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવતા સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષની લાગણી વ્યાપી હતી. જયારે માર્ગ સુધારણાનુ કામ ઝડપભેર હાથ ધરાય તેમજ સ્થાનિક રહીશોની સમસ્યાનો અંત આવે તે માટે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે પણ ગત તા ૫ ડીસેમ્બરથી લઈ અત્યાર સુધી વારંવાર રજુઆત કરી હતી. જેને ધ્યાને લઈ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે નગરના આંતરિક માર્ગોના રીસરફેસીંગ માટે રૂ ૨૦ કરોડના ખર્ચને મંજુરી આપી છે. માર્ગ સુધારણાના કામ માટે ખર્ચને મંજુરી આપવા બદલ ધારાસભ્ય અશોક પટેલે નાયબ મુખ્યમંત્રીનો આભાર માન્યો છે. જયારે માર્ગ સુધારણાના કામ માટે હજુ પણ વધુ ખર્ચની મંજુરીની અનિવાર્યતા ઉભી થાય તો પુન : નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

## જોગવાઈમાં સુધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલુ રાખવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર પણ તેમની મુદત પૂરી થવામાં હોઈ કોઈને નારાજ કરવાના મૂડમાં નથી. તેમજ તંત્ર સાથે ટકરાવ નહિ સમન્વય સાથે સૌને આગળ વધવાની સલાહ આપી રહ્યા છે. તેમણે સ્થાપનાદિનની ઉજવણીમાં પણ સ્થાનિક કક્ષાએ આરોગ્ય કેમ્પોનું ઉદ્‌ઘાટન અને લોકાર્પણ જે પાંચ લાખથી ઓછા ખર્ચે વિકાસના કામો થયા છે તેનું સભ્યોના હસ્તે થાય તે જોવા અધિકારીઓને ખાસ સૂચના આપી હતી તેમ જાણવા મળેલ છે.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

''નવી યુવા શક્તિ''માં સચ્ચાઈના દર્શન થવાની. તો પરિણામ જરૂર બદલી શકાય એમ છે.

આજનો યુવાન જો એને કામ કરવાની તક મળે તો એ બધુ જ કરી શકે છે. એ દુનિયા બદલી શકે એમ છે. અને વળી સરકારી વહીવટી તંત્ર આખું ગોઠવાયેલું જ છે. જો એક સાવ અભણ વ્યક્તિ અન્ય રાજ્યોમાં શિક્ષણમંત્રી બનીને પાંચ વર્ષ રહી શકે તો આપણી આ નવી યુવા શક્તિની પહેલી જ શરત શિક્ષિત વ્યક્તિની છે. અહી અશિક્ષિતને કોઈ સ્થાન નથી.

ગુજરાતમાં કેમ આવું ના બની શકે ? આખું પ્રધાનમંડળ, બધા જ ધારાસભ્યો શિક્ષિત હોય, ૧૮૨માંથી તમામ ગ્રેજ્યુએટહોય, એમાંથી સો જેટલા માસ્ટર ડિગ્રીધારી હોય, ૪૦/૫૦ પીએચ.ડી હોય, સી.એ. હોય, એમ.ડી હોય, કૉમ્પ્યુટર માસ્ટર હોય, ઉચ્ચ શિક્ષણશાસ્ત્રીઓ, સાહિત્યકારો હોય, આવા યુવા લોકોની સરકાર બને તો ? આમાંથી મંત્રીમંડળ, મુખ્યમંત્રી બને તો ? અને બોર્ડ નિગમોમાં પણ માસ્ટર ડિગ્રીથી ઓછાની નિમણુંક નહીં. આવું ગુજરાતમાં કેમ ના થઈ શકે ?

હજી થોડો સમય છે. ''યુવા ગુજરાત : શિક્ષિત ગુજરાત'' ને મુખ્ય પ્રચારસૂત્ર બનાવીને આ કાર્ય યોજના પદ્ધતિસર થાય તો આ વખતે જ કંઈક પરિવર્તન થઈ શકે એમ છે. કેમ કે ગુજરાતની છ કરોડની પ્રજા નવી શક્તિની રાહ જોઈને, નવા સૂર્યોદયની રાહ જોઈને જ બેઠી છે. અને ધારો કે આ વખતે ના પહોંચી વળાયું તો આવતા પાંચ વર્ષ તો યુવા શક્તિના જ રહેશે. અસ્તુ.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

'કેરી' અને 'શાલ' થી હવે બહાર નીકળવું જરૂરી છે. જન્મદિવસની શુભેચ્છાઓ બહુ થઈ ગઈ, હવે તો મિયા શરીફને મરણનો કાળોતરો મોકલવાનો સમય આવી ગયો છે. પ્રજામાં ઉન્માદ યુદ્ધનો નથી પણ સૈનિકો સાથે થતા અમાનવી કૃત્યોનો આક્રોશ છે. સર્જીકલ સ્ટ્રાઈક પછીથી સૈનિકોના મોતનો સિલસિલો ઘટવાને બદલે વધ્યો છે, કાશ્મીરમાં આતંકી વારદાતોમાં વધારો થયો છે. સવાલ એ નથી કે સરકાર કોઈ કદમ નથી ઉઠાવતી પણ સવાલ એ છે કે આમ છતાં પણ સીમાપાર લોન્ચિંગ પેડ ધમધમતા હોય કે પછી આતંકીઓ બેખોફ લશ્કર અને લશ્કરી ઠેકાણાઓ પર હુમલાઓ કરી શકતા હોય, સૈનિકોનું સતત અપમાન થતું રહેતું હોય તો સ્વાભાવિક છે કે પ્રજા સવાલ પૂછે જ કે તમે કરો છો શું? ભારતીય લશ્કર સક્ષમ છે આવા મગતરાઓને ચૂંથી નાખવામાં, જરૂર છે તો ફક્ત રાજકીય ઈચ્છાશક્તિની અને લશ્કર ઈચ્છે છે એ છુટ્ટા દોર ની... પછી જુઓ...! ચૂંટણીઓ તો આવશે અને જશે... સરકારો તો બનશે અને તૂટશે...૧૫૦ માં દસેક સીટો ઓછી આવશે તો ચાલશે... એકાદ-બે રાજ્યોમાં તમારી સરકાર નહિ બને તો પણ ચાલશે..જગતના એકાદ બે દેશો તમારી વાહવાહ નહિ કરે તો પણ મંજુર... પણ આજે નહિ તો કાલે, ઉતાવળથી નહિ તો ધૈર્યથી... કળથી નહિ તો બળથી પણ પાકિસ્તાનને ખોખરું કરવું જ તમારા કાર્યોમાં અગ્રસ્થાને હોવું જોઈશે, આ જ હોવું જોઈએ તમારું ૨૦૧૯ નું વિઝન... અને આ જ છે ૧૨૫ કરોડ જનતાની લાગણી અને માંગણી... મોદી સરકાર આ લાગણી અને માંગણી જેટલી જલ્દી સમજી શકે એટલું એમના હિતમાં છે!

**ગુજરાત મત્સ્યોદ્યોગ કેન્દ્રિય સહકારી સંસ્થા લી.**
સાકાર-૭, નં. એસ-૦૦૨ થી એસ-૦૦૦૪, બેઝમેન્ટ,
નેહરુબ્રીજના નાકે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

**મત્સ્ય વેચાણ કેન્દ્ર ચલાવવા અંગે**

સંસ્થાનો સેક્ટર-૨૧, ગાંધીનગર કાતેનો ફીશ સ્ટોલ આઉટ સોર્શિંગથી ચલાવવા આપવાનો હોય, રસ ધરાવનાર મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ / પાર્ટીઓએ તેમની ઓફર લેટરપેડ ઉપર સીલબંધ કવરમાં તા. ૨૯-૫-૨૦૧૭ સુધી રૂ. ૨૦,૦૦૦/-ની ઈ.એમ.ડી. સાથે ઉપરોક્ત સરનામે મોકલી આપવાની રહેશે. બોલીઓ અને શરતો સંસ્થાની કચેરીએથી મેળવી શકાશે. ઓફર મંજુર થયેલ પાર્ટીએ સીક્યુરીટી ડીપોઝીટ પેટે રૂ. ૧.૦૦ લાખ તથા બેન્ક ગેરંટી રૂ. ૫.૦૦ લાખ જમા કરાવવાની રહેશે. બંધ કવર ઉપર 'ફીશ સ્ટોલ આઉટ સોર્શિંગથી ચલાવવા આપવા અંગેની ઓફર' એમ અચૂક દર્શાવવાનું રહેશે. કોઈ પણ ઓફર સ્વિકારવી કે નહીં તે અંગેના સંસ્થાના હક્ક અબાધિત રહેશે.

સંપર્ક નં. : ૨૬૫૮૦૪૮૩/૨૬૫૭૫૨૭૫ — એસ. એમ. સૈયદ
ક્રમાંક/સંમાનિ/અમદ/૨૩૪/૨૦૧૭-૧૮ — મેનેજિંગ ડીરેક્ટર